મહે.અમદાવાદના ૦૭ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં
મુ.અમદાવાદ સીટી સમક્ષ (કોર્ટ નં. ૫૧)

ફોજદારી.કેસ નં. ૫૮૦૧/૨૦૨૦

આંક –૨૦

FORM-A

જજમેન્ટની તારીખ	**૧૮/૦૪/૨૦૨૬**
ગુન્હો	**ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧** ની **કલમ–૧૩૮** અન્વયે
ગુન્હા રજીસ્ટર નંબર	––
ફરિયાદી	**ખુશ્બુ ઓટો ફાઈનાન્સ લી.** નાં અધિકૃત ઓફીસર **મનોહરસિંહ બારૈયા** **બ્રાંચ ઓફીસ :** ગ્રાઉન્ડ ફલોર, નારાયણ આર્કેડ, નારોલ ઓવર બ્રીજ પાસે, શાહવાડી બસ સ્ટોપ, નારોલ, અમદાવાદ.
ફરિયાદપક્ષે વિ.વ.શ્રી	**ડી. એન. ગોસાઈ**
આરોપી	**સલમાનખાન મહેમુદખાન પઠાણ રહે. ૧/૧૨૭, ખોડીયારપુરા, ચાંદણા, બડાપુર, ખેડા.**
આરોપીપક્ષે વિ.વ.શ્રી	**જે. એસ. સોલંકી**

FORM-B

ગુન્હાની તારીખ	––
પ્રથમ માહિતી અહેવાલ તારીખ	––
ફરિયાદ દાખલ કર્યા તારીખ	**૦૮/૦૧/૨૦૨૦**
પ્લી/તહોમતનામુ ઘડ્યાની તારીખ	**૧૬/૦૧/૨૦૨૪**
પુરાવા શરૂઆતની તારીખ	––
ચુકાદા માટે અનામત રાખ્યા તારીખ	**૨૬/૦૨/૨૦૨૬**
ચુકાદાની તારીખ	**૧૮/૦૪/૨૦૨૬**
સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો	**૧૮/૦૪/૨૦૨૬**

–: આરોપીની વિગત:–

અનુ. નં.	આરોપીનુંનામ	ધરપકડ ની તારીખ	જામીન મુકિતની તારીખ	ગુન્હાનું તહોમત	શું નિર્દોષ છોડ્યા /સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા..સં. કલમ–૪૨૮ મુજબ
૧.	**સલમાનખાન મહેમુદખાન પઠાણ**	–	–	ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની **કલમ–૧૩૮** અન્વયે	**સજા કરી**	**૦૬ માસની** સાદી કેદની સજા	–

FORM-C

–: ફરિયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના સાક્ષીઓની યાદી:–

(એ) ફરિયાદપક્ષનાં સાહેદ:–

અનુ. નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
P.W.-1	ફરિયાદીશ્રી **મનોહરસિંહ બારૈયા** નું સરતપાસનું સોગંદનામુ	**૦૪**	ફરિયાદી

(બી) બચાવપક્ષનાં સાહેદ:–

અનુ. નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
D.W.-1	કોઈ સાહેદ તપાસેલ નથી	–	–

(સી) ન્યાયાલય દ્વારા સાહેદ:–

અનુ. નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
C.W.-1	કોઈ સાહેદ તપાસેલ નથી	–	–

:: ફરિયાદી/બચાવપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાનાં આંકની સૂચિ યાદી::

(એ) ફરિયાદીપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા:–

અનુ. નં.	આંક	વર્ણન
૧.	**૦૭**	તહોમતદારની સહીવાળો તકરારી અસલ ચેક
૨.	**૦૮**	તકરારી અસલ રીટર્ન મેમો
૩.	**૦૯**	તહોમતદારને મોકલાવેલ લીગલ નોટીસની નકલ
૪.	**૧૦**	તહોમતદારને મોકલાવેલ નોટીસ રજી. એડી. કર્યાની સ્લીપ
૫.	**૧૧**	તહોમતદારને મોકલાવેલ નોટીસનુ એક્નોલેજમેન્ટ
૬.	**૧૨**	તહોમતદારનું સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ
૭.	**૧૬**	કંપની તરફથી આપવામાં આવેલ પાવર ઓફ એટર્નીની નકલ
૮.	**૧૭**	કંપની તરફથી આપવામાં આવેલ ઓથોરીટી લેટરની નકલ

ચુકાદો

(૧) ફરીયાદીએ **નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** નાં ગુના અંગેની ફરીયાદ તહોમતદાર સામે અત્રેની અદાલતમાં કરેલ છે, ફરીયાદની ટુંક હકીકત એવી છે કે, ફરીયાદી ફાઈનાન્સ કંપની, રીઝર્વ બેંક અંડરટેકીંગ તેમજ ગર્વમેન્ટના અને કંપનીનાં ધારા ધોરણ મુજબ નોંધાયેલ લીમીટેડ ફાઈનાન્સ કંપની છે અને ફાઈનાન્સની સેવા પુરી પાડે છે. જે મુજબ ફરીયાદી ફાઈનાન્સ કંપનીએ આ ફરીયાદ ફાઈલ કરવા ઓથોરાઈઝડ ઓફીસરને પાવર ઓફ એટર્ની/ઓથોરીટી લેટર આપી ફરીયાદ કરવા માટે જરૂરી કરવી પડતી તમામ કાર્યવાહી કરવા સત્તા અને અધિકાર આપેલ છે.

ફરીયાદીની ફાઈનાન્સ કંપનીએ તહોમતદારેને તેમની નાણાંકીય સ્થિતિ વિગેરે તપાસી **રૂા.૧,૪૫,૦૦૦/–,તા.૦૭/૧૦/૨૦૧૭** નાં રોજ લોન ફાઈલ નં. **૬૦૦૨૨૦** થી આપેલ હતી અને તે મુજબ ફરીયાદીએ આપેલ લોનની કાયદેસર નિકળતા લેણાંની તમામ જવાબદારી તહોમતદારે જરૂરી કરારો ઉપર સહી કરી તેમજ ફરીયાદીના કાયદેસર બાકી નીકળતી લેણી રકમ પેટેના ચેક આપી સ્વિકારેલ છે. જેથી તે ચેકના નાણાં ચુકવવાની સંપુર્ણ જવાબદારી તહોતદારના શીરે છે.

જે મુજબ ફરીયાદીની ફાઈનાન્સ કંપની તહોમતદારને લોન અંગેની તમામ હિસાબી લેડવ દેવડ લોન એકાઉન્ટ મેઈન્ટેઈન કરે છે. જે લોન એકાઉન્ટમાં તહોમતદાર કાયદેસર બાકી લેણા નીકળતા હતા. જે અંગે ફરીયાદી ફાઈનાન્સ કંપનીના લીગલ મેનેજર ધ્વારા ઉપરોકત સરનામે અમદાવાદ મુકામેથી તહોમતદાર પાસે સદર રકમની લેણી રકમ ચુકવવા સારુ વારંવાર જાણ કરેલ અને ફરીયાદીની કંપની ધ્વારા ઉપરોકત સરનામેથી નોટીસ વ્યવહાર પણ કરેલ. ત્યારે તહોમતદારે ફરીયાદી કંપનીને ફરીયાદના મથાળે બતાવેલ સરનામે આવી તેમની કાયદેસર બાકી નીકળતી લેણી રકમ **રૂા.૧,૦૫,૮૦૫/–** પેટે ચેક **નં. ૦૧૬૭૮૭, યુનિયન બેંક, ખેડા શાખાનો તા.૧૨/૧૧/૨૦૧૯** વાળો ચેક આપેલ. ઉપરોકત વિગત વાળો ચેક આપતી વખતે તહોમતદારે ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે

સદર ઉપરોકત વિગતવાળો ચેક બેંકમા જમા કરાવશો તો જરૂરથી કલીયર થઈ જશે અને ફરીયાદીને તેમની કાયદેસર બાકી નિકળતી લેણી રકમ પરત મળી જશે.

તહોમતદારના આવા કથન ઉપર ભરોસો રાખી ફરીયાદીએ ઉપરોકત ચેક ફરીયાદીની બેંક **આઈ.ડી.બી.આઈ. બેંક લી.,** લાલ બંગ્લોઝ, સી.જી.રોડ, અમદાવાદનાં ખાતામાં કલીયરીંગ માટે **તા.૧૩/૧૧/૨૦૧૯** નાં રોજ જમા કરાવતા સદર ઉપરોકત વિગતવાળો ચેક **"ACCOUNT BLOCKED (SITUATION COVERED IN 21-25)"** નાં શેરાથી **તા.૧૩/૧૧/૨૦૧૯** નાં રોજ પરત આવેલ જેની જાણ ફરીયાદીએ તોહમતદારને તેમના વકિલ મારફત કાયદેસરની નોટીસ ધ્વારા **તા.૨૫/૧૧/૨૦૧૯** ના રોજ રજી. એડી. ધ્વારા સાચા અને ખરા સરનામે જાણ કરેલ. સદર નોટીસ તહોમતદારને **તા.૨૯/૧૧/૨૦૧૯** ના રોજ બજી ગયેલ છે. આમ તહોમતદારે ફરીયાદીને સદર ઉપરોકત વિગતવાળા ચેકની રકમ પરત કરેલ નથી કે નોટીસનો જવાબ આપવાની પણ દરકાર લીધેલ નથી.

ઉપરોક્ત મુજબનું ટ્રાન્જેક્સન અમદાવાદ મુકામે થયેલ હતુ, અને નોટીસ અમદાવાદ મુકામેથી ઈસ્યુ થયેલ હતી અને પેમેન્ટની માંગ પણ અમદાવાદ મુકામેથી હતી અને ફરિયાદીની બેંક અમદાવાદમાં છે અને આ કામનાં તહોમતદાર નોટીસ મુજબનું પેમેન્ટ ભરવામાં નિષ્ફળ ગયેલ છે તેથી કોઝ ઓફ એક્સન અમદાવાદમાં ઉભુ થયેલ છે. હાલનાં તબક્કે સદર નામદાર કોર્ટને સદર કેસ ચલાવવા માટેનુ જ્યુરીડિક્શન લાગુ પડે છે.

ઉપરોકત હકિકતોને ધ્યાનમા રાખી તહોમતદારે ધી નેગોશીએબલ ઈન્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૮** મુજબ ગુનો કરેલ હોઈ તહોમતદારને પકડી મંગાવી કાયદેસરની કાર્યવાહી કરી યોગ્ય સજા કરવા તથા તહોમતદારને સમન્સ રજી. એડી થી પાઠવવા હુકમ કરવા નમ્ર અરજ છે, તેમજ દંડનો હુકમ કરવા અરજ છે.

(૨) ફરીયાદ રજુ થતા ફરીયાદ ફોજદારી રજીસ્ટરે નોંધી તહોમતદાર વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબના ગુનાનું સમન્સ કરવા હુકમ થતા તહોમતદારને સમન્સ બજવણી થતા કોર્ટ સમક્ષ હાજર થયેલ. તહોમતદારને ફરીયાદ સાથેના દસ્તાવેજોની નકલ આપી **આંક–૦૬** થી તહોમતદારની **પ્લી** નોધવામાં આવેલ તેમાં તોહમતદારે ગુન્હાનો ઈન્કાર કરતા તેમની સામે ગુન્હાની ટ્રાયલ ચલાવવામાં આવેલ અને ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની ઉલટતપાસ કરવા તથા તહોમતદારના વિશેષ નિવેદન માટે મુલત્વી રાખેલ પરંતુ, તહોમતદારને પુરતી તક આપવા છતાં ફરીયાદીની ઉલટતપાસ માટે કે વિશેષ નિવેદન માટે હાજર રહેલ નથી કે તહોમતદારપક્ષે હાજર રહી કોઇ પુરાવો રજુ કરેલ નથી. આ બાદ ફરીયાદપક્ષના વિ.વ.શ્રીની દલીલ સાંભળેલ છે.

(૪) આ કેસના આખરી ન્યાયીક નિર્ણય અર્થ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દો ઉપસ્થિત થયેલ છે.

–::મુદ્દોઓ::–

(૧) શું ફરીયાદપક્ષે નિશંકપણે સાબિત કરે છે કે, ફરીયાદ હકીકત મુજબ ફરીયાદીની કાયદેસર રીતે વસુલાતપાત્ર રકમની ચુકવણી પેટે આરોપીના બેંક ખાતાના ફરીયાદમાં જણાવેલ વિગતનો ચેક તોહમતદારે ફરીયાદીને સહી કરી આપેલ જે ફરીયાદીએ સ્વીકારવા માટે પોતાના બેંક ખાતામાં રજુ કરતા તે ચેક વણસ્વીકાર્યે પરત આવતા ફરીયાદીએ તહોમતદારને કાયદેસરની નોટીસ આપવા છતા તોહમતદારે કાયદામાં ઠરાવેલ સમય મર્યાદામાં વણસ્વીકારાર્ય પરત આવેલ ચેકના નાંણા ફરીયાદીને ચુકવી આપેલ નથી અને તેમ કરી તોહમતદારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્ધા અંગેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્ધા નંબર–૧ હકારમાં

મુદ્ધા નંબર–૨ આખરી હુકમ મુજબ

–:: નિર્ણય માટેના કારણો ::–

(૬) મુદા નંબર : ૧ અને ૨ની સંયુકત ચર્ચા :–

પ્રસ્તુત કેસ તે આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાનો આક્ષેપ છે અને ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ લક્ષમાં લેતા સદર ગુનાની સાબીતી માટે નીચે મુજબના આવશ્યક તત્વો ફરીયાદપક્ષે સાબીત કરવાના રહે છે.

(૧) ફરીયાદીના કાયદેસર બિના લેણાં ની ચુકવણી પેટે તહોમતદાર દ્રારા ચેક ઈસ્યુ કરવામાં આવેલ હતો.

(૨) ચેક ફરીયાદી દ્રારા બેંક માં રજુ કરવામાં આવેલ હતો

(૩) ચેક બેંકમાં રજુ કરતા ચેક વણચુકવેલ પરત આવેલ હતો.

(૪) વણચુકવેલ ચેકની રકમની માંગણી કરતી નોટીસ ચેક લખનારને નિયત સમય મર્યાદામાં આપેલ હતી.

(૫) નોટીસ મુજબ ચેક ની રકમ ચુકવવામાં ચેક લખનાર નિષ્ફળ ગયેલ છે

(૭) આ સાથે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તે ધારકની તરફેણમાં અનુમાન કરવા બાબત જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તૃત કેસ ના નિર્ણય માટે રજુ પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે સંર્દર્ભે ધી નેગોશીએબલ ઇનસ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ અને કલમ–૧૩૯ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતના Rangappa versus Sri Mohan, 2010 AIR(SC) 1898 માં રીપોર્ટ ચુકાદો માનસહ વંચાણે લેતા, ચુકાદાના પેરા–૧૪ માં ઠરાવેલ છે કે, કલમ–૧૩૯ તે કાયદેસરનું લેણુ અસ્તિત્વમાં હતુ તેવા

અનુમાનનો સમાવેશ થાય છે. કલમ–૧૩૯ હેઠળ તોહમતદારે સંભાવનાની પ્રબળતા (preponderance of probabilities) આધારે પોતાનો બચાવ રેકડ ઉપર રજુ કરી શકે છે તે માટે તહોમતદારપક્ષે પુરાવો રજુ થવુ જરૂરી નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે M/s. Kumar Exports versus M/s. Sharma Carpets,2009 (2) GLR 1240 (SC) માં રીપોર્ટ ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે પેરા–૧૦ અને પેરા–૧૧ માં ઠરાવેલ છે કે, ફરીયાદી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટનુ એકઝેકયુશન પુરવાર કરે અથવા આરોપી સ્વીકાર કરે ત્યાર પછી પુરાવાનો બોજો કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આરોપી પર તબદીલ થાય છે. કલમ–૧૩૯ નુ અનુમાન ખંડનાત્મક છે અને કોઇ પણ સમજુ માણસ અવેજ અથવા દેવુ અસ્તિત્વમાં નહી હોવાનુ માનવા પ્રેરાય તેવી હકીકતોથી અનુમાનનું ખંડન થાય છે અને આરોપીપક્ષ તેવી ખંડનાત્મક હકીકતોથી તેમનો બચાવ સાબીત કરી શકે છે.

(૮) મુદ્દા નં.૧ ના નિર્ણય હેતુસર ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ની કાયદાની જોગવાઇ તેમજ નામદાર સુપ્રીમકોર્ટ તેમજ નામદાર હાઇકોર્ટના ચુકાદાથી સ્થાપિત સિધ્ધાંત અને તે અન્વયે પ્રસ્તૃત કેસ ની હકીકત અને તે અન્વયે રજુ પુરાવો લક્ષમાં લેતા, ફરીયાદીની જુબાની **આંક–૦૪** થી રજુ છે જેમાં તેઓ સરતપાસમાં ફરીયાદ હકીકત મુજબની જ હકીકત જણાવે છે, તહોમતદારપક્ષે હાજર રહી ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી અને જેથી સરતપાસમાં રજુ હકીકત પરત્વે કોઇ તકરાર રજુ થયેલ નથી. ફરીયાદી તેમની સરતપાસમાં **આંક–૦૫** નાં લીસ્ટથી રજુ કરેલ તમામ દસ્તવાજી પુરાવા રીફર કરતા તે **આંક–૦૭ થી આંક–૧૨ તથા આંક–૧૬ અને આંક–૧૭** રજુ છે. ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા અંગે બચાવપક્ષે કોઇ તકરાર લેવામા આવેલ નથી અને તે હકીકતે, ફરીયાદમાં જણાવેલ તોહમતદારે ફરીયાદીને લેણી રકમની ચુકવણી પેટે ફરીયાદ વિગતના ચેકો આપેલ જે અનપેઇડ રીર્ટન થતા નિયત સમયમર્યાદામાં ફરીયાદીએ તહોમતદારને કાયદેસરની ચેક રકમની માંગણી કરતી નોટીસ આપેલ જે નોટીસ તહોમતદારને મળતા તોહમતદારે ચેક મુજબની રકમ ચુકતે આપેલ નહી જેથી ફરીયાદીએ હાલની

આ ફરીયાદ તહોમતદાર સામે નિયત સમયમર્યાદામા કોર્ટમાં રજુ કરેલ હોવાનુ સ્પષ્ટપણે સાબિત થયેલ છે. તહોમતદારને પુરતી મુદત અને તક આપવા છતાં સ્વૈચ્છીક રીતે ગેરહાજર રહેવાનુ પસંદ કરી, ફરીયાદી ની ઉલટતપાસ કરેલ નથી કે ફરીયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવા અંગે કોઈ તકરાર લીધેલ નથી. તહોમતદારને પોતાનો બચાવ રજુ કરવા પુરતી તક આપવા છતાં કોઈ બચાવ રજુ કરેલ નથી કે ફરીયાદપક્ષે રજુ પુરાવાનુ ખંડન થાય તેવી કોઈ હકીકત રજુ કરેલ નથી, ફરીયાદપક્ષે રજુ પુરાવો નહી માનવા કોઈ કારણ નથી ત્યારે ફરીયાદપક્ષ તહોમતદાર સામેના આક્ષેપો પુરવાર કરવામા સફળ થયા છે તેવુ આ અદાલતનું માનવુ છે.

(૯) વધુમાં તોહમતદારે જાતે કે વકીલશ્રી મારફતે તેઓની ગેરહાજરી બાબતે કોર્ટ રૂબરૂ કોઈ રજુઆત કરેલ નથી જે કારણોસર તહોમતદાર દ્વારા ગેરહાજરી અંગે કોઈ હકીકત રેકર્ડ પર રજુ કરેલ ના હોય અને તહોમતદાર કેસની કાર્યવાહી વિલંબીત કરવાના ઈરાદા માત્ર થી ગેરહાજર રહેલ છે તેવુ રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ લક્ષમાં લેતા માનવાને પુરતુ અને યોગ્ય કારણ છે તેવુ આ કોર્ટનું નમ્રપણે માનવુ છે. આ તબક્કે 1996 2 GLH 574; 1996 3 GLR 143 STATE OF GUJARAT Versus NARUBHAI AMRABHAI CHUNARA ના કેસના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પેરા-૪ માં ઠરાવેલ છે કે,

> " (4) NOW, ordinarily, a matter cannot be said to be ready to be placed on the final hearing board till the date concerned accused against whom it is admitted is duly served and appears before the Court either personally or through his learned advocate. To this ordinary practice, one just and legal exception is carved out where the respondent when found to be absconding, and ultimately declared to be so by this Court there is indeed no question of serving any other notice upon him and matter can be said to be or deemed to be ready for all

purposes. When accused in one breath with manifest intention avoids service of notice upon him and successfully manages to do so, he in his second breath cannot be subsequently permitted to say that the appeal against him cannot be heard in his absence when he was not duly served. No person can be permitted to earn benefit out of his double standards - own wrong. In fact, under such circumstances not to enlist this appeal on the final hearing board, would be to indirectly play in the hands of some tricky, scheming, mischievous respondent-accused who is always and quite obviously and out and out interested in seeing that the matter does not reach the final hearing and thereby successfully avoid final judgment for quite some indefinite time passed against him apprehending that acquittal order if quashed and set-aside, he would be at once convicted and sentenced for the alleged offences and accordingly forwarded to jail to serve out the imprisonment. Such deliberately created mischievous situations where in accused illegally has the upper-hand is simply not permissible and cannot be countenanced that lightly. The principle of hearing the accused before any order of conviction and sentence is recorded against him cannot be permitted to be abused and stretched to such an illogical and absurd extent where he can bring the administration of justice to the grinding halt at his whims and caprice avoiding the notice to be served upon him keeping the Court at a safe distance, ultimately taking advantage of his own illegal absconsion."

(૧૦) ઉપરોકત ચુકાદામાં નામદાર વડીઅદાલતે ઠરાવેલ છે કે, પોતાના ખોટા કૃત્યનો લાભ તહોમતદારને મળી શકે નહી. તહોમતદાર કેસનો આખરી નિર્ણય ના આવે તે માટે ન્યાયીક પ્રક્રીયામાં ગેરહાજર રહી ન્યાય વ્યવસ્થાની પ્રક્રીયા અટકાવી શકે નહી. પ્રસ્તૃત કેસમાં પણ ઉપરોકત ચુકાદાથી સ્થાપિત સિધ્ધાંત લાગુ પડે છે. તહોમતદાર વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે. નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડીઅદાલતો દ્વારા અનેક ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ છે કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાના કેસની કાર્યવાહીમાં તહોમતદારની હાજરી સિવાય પણ કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય છે તેમજ આ કાયદો મુખ્યત્વે દીવાની પ્રકારના અપકૃત્ય અટકાવી આર્થિક વ્યવહારો અંગેની શાખ જળવાય રહે તે હેતુ થી ઘડવામાં આવેલો છે અને તેમાં શિક્ષાત્મક જોગવાઈ રાખવામાં આવેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ, કાયદાનો હેતુ તેમજ ચુકાદાથી સ્થાપિત સિદ્ધાંત લક્ષમાં લેતા, આ કેસમાં તહોમતદારની ગેરહાજરી કેસની ન્યાયીક કાર્યવાહી અટકાવવા માટેનું કોઈ કારણ નથી, તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે અને તે રીતે ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવાથી ફરીયાદ વિગતના ચેકો ફરીયાદ વિગત ના કાયદેસરના દેવાની ચુકવણી પેટે તહોમતદાર દ્વારા આપવામાં આવેલ હતા તેવી હકીકત સ્પષ્ટપણે સાબિત થયેલ છે. તહોમતદાર ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અંગેના પુર્વાનુમાન સંર્દભે ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં સદતંર નિષ્ફળ ગયેલ છે, ફરીયાદપક્ષ તહોમતદાર વિરુદ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાનુ સાબીત કરવામાં સફળ થયેલ છે તેવુ આ અદાલતનુ માનવુ છે, આથી **મુદ્દા નં.૧** નો નિર્ણય હકારમાં ઠરાવવા માં આવે છે.

(૧૧) અગાઉ ચર્ચા કર્યા મુજબ, તહોમતદાર કેસની કાર્યવાહી વિલંબીત કરવાના ઈરાદા માત્રથી ગેરહાજર રહેલ હોવાનુ સ્પષ્ટપણે ફલીત થયેલ છે. સદરહુ કેસના ચુકાદા સમયે તહોમતદાર હાજર નથી. નામદાર

ગુજરાત વડીઅદાલતના Sharad Jethalal Savla Versus State of Gujarat & others, 2017 (3) GLH 146, ના કેસના ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે, **ફોજદારી કાર્યરીતી અધિનીયમ, ૧૯૭૩ ની કલમ-૩૫૩(૬)** ની જોગવાઈ મુજબ તહોમતદારની ગેરહાજરીના કારણ માત્રથી ચુકાદો ગેરકાયદેસર થઇ જતો નથી અને તહોમતદારની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી **ફોજદારી કાર્યરીતી અધિનીયમ, ૧૯૭૩ ની કલમ-૪૧૮(૨)** અન્વયે તહોમતદાર વિરૂદ્ધ સજાના હુકમની અમલવારી માટે કોર્ટ વોરંટ ઇસ્યુ કરી શકે છે. આમ, તહોમતદારની ગેરહાજરી માટે રેકર્ડ પર કોઈ પણ વ્યાજબી અને યોગ્ય કારણ ના હોય, તહોમતદારની ગેરહાજરી માત્ર ના કારણથી કેસની કાર્યવાહી સ્થગિત કરી, ચુકાદો મુલત્વી રાખવો અત્રેની કોર્ટ ને ન્યાયોચિત જણાતુ નથી.

(૧૨) ધી નેગોશીએબલ ઇનસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની સજા અંગેની જોગવાઇ લક્ષમાં લેતા તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના "R. Vijayan v. Baby" AIR 2012 SUPREME COURT 528 માં રીપોર્ટ ચુકાદો તેમજ "R. Mohan v. A. K. Vijaya Kumar" AIR 2012 SC (Supp) 771 માં રીપોર્ટ ચુકાદો માનસહ વંચાણે લેતા. "R. Mohan v. A. K. Vijaya Kumar" ચુકાદા માં પેરા ૧૮ માં ઠરાવેલ છે કે, વળતર ચુકવવા માટે ની કાયદાકીય જોગવાઇના અસરકાર અમલ માટે, વળતર ચુકવવામાં કસુર કરે તેવા સંજોગોમાં કેદની સજા અંગે હુકમ કરવો જોઇએ. ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં લેતા, ધી નેગોશીએબલ ઇનસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની જોગવાઇનો હેતુ આર્થિક વ્યવહારો જવાબદારીપૂર્વક થાય અને સામાન્ય ક્રમમાં થતા આર્થિક વ્યવહારોની શાખ જળવાય રહે તે અંગેનો છે. ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના બદલ બે વર્ષની કેદની સજા ઉપરાંત ચેકની રકમથી ડબલ રકમનો દંડ અને આ દંડની રકમ ફરીયાદીને વળતર પેટે ચુકવવાની જોગવાઇ છે. આ કેસની કાર્યવાહીના કારણે ફરીયાદીને ચોક્કસપણે નુકશાની ભોગવવી પડેલ છે તેવુ સ્પષ્ટપણે માની શકાય તેમ છે

અને તે અંગેનુ કોઈ ચોક્કસ માપ હોય શકે નહી પરંતુ, તે બદલ પણ યોગ્ય રકમ વળતર તરીકે આપવી યોગ્ય બને છે. સદરહુ કેસ આર્થિક વ્યવહારો સાથે સંકયાળેલ હોય તહોમતદારને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટનો લાભ મળવાપાત્ર નથી. હાલના કેસનુ રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ લક્ષમાં લેતા, તેમજ પક્ષકારોની આર્થીકસ્થિતિ અને વ્યવહાર ધ્યાને લેતા કાયદામાં ઠરાવેલ કેદની સજાથી ઓછી અડધી કેદની સજા કરવી યોગ્ય અને ન્યાયૌચિત જણાય છે. ઉપરોકત કારણોસર, **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ નો **"આખરી હુકમ"** કરવા માં આવે છે.

// આખરી હુકમ //

(૧) **ફોજદારી કાર્યરીતી સંહીતા, કલમ-૨૫૫(૨)** અન્વયે આ કામના તહોમતદાર **સલમાનખાન મહેમુદખાન પઠાણ** નાઓને **ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ, કલમ-૧૩૮** મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને **૦૬ (છ) માસની** સાદી કેદની સજા તથા **રૂા.૧,૧૫,૦૦૦/-** નો દંડ કરવાનો હુકમ ફરમાવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવાના કસુર કરે તો તે બદલ **વધુ ૦૨ (બે) માસની** સાદી કેદ ની સજા ફરમાવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી તરફે દંડની રકમ ભરપાઈ થયેથી, **ફોજદારી કાર્યરીતી સંહીતા, કલમ-૩૫૭(૩)** અન્વયે આ કામનાં ફરિયાદપક્ષને વળતર પેટે પરત ફરેલ ચેકની રકમ **રૂા.૧,૦૫,૮૦૫/-** ચુકવી, બાકી રહેતી રકમ શ્રી સરકાર ખાતે પેનલ્ટી પેટે જમા લેવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આરોપીપક્ષે અગાઉ ફરિયાદીને ચેકની લેણી રકમ પૈકી જો કોઈ રકમ ચુકવી આપેલ હોય કે વચગાળાનાં હુકમ પેટે અત્રેની અદાલતમાં જમા કરાવેલ હોય તો, સદરહુ રકમમાંથી તેટલી રકમ મજરે આપવી.

(૪) આરોપી હાજર ન હોય તેઓ વિરુદ્ધ હાલનો ચુકાદો **ફોજદારી કાર્યરીતી સંહીતા, કલમ-૩૫૩(૬)** મુજબ તેઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ હોવાથી આરોપીએ આ કેસમા રજુ કરેલ જામીન રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે તેમજ તેઓ વિરૂદ્ધ સજા હુકમની અમલવારી સારુ સજા વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૫) **ફોજદારી કાર્યરીતિ સંહીતા, કલમ–૩૬૩** અન્વયે આરોપી હાજર થયેથી, આરોપીને હુકમની નકલ વિનામૂલ્યે પૂરી પાડવી.

હુકમ આજ **તારીખ ૧૮ મી, એપ્રિલ – ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૮/૦૪/૨૦૨૬ **(આર. બી. સોલંકી)**
સ્થળ:અમદાવાદ **૦૭માં એડી.ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
કોર્ટ નં.૫૧,અમદાવાદ શહેર.
કોડ નંબર–**GJ–01009.**